કમિશ્નરશ્રી (આઇસીડીએસ) હસ્તકની સિનિયર આસીસ્ટંટ, વર્ગ-૩ સંવર્ગનું નામાભિધાન હેડ ક્લાર્ક, વર્ગ-૩ કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ક્રમાંક: WCDD/DRA/e-file/23/2023/1476/B1 Branch

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક:મકમ-૧/આઇસીડીએસ/સી.આ/નામાભિધાન/૬૨૬૭૦/૨૦૨૧
2. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૧/૦૧/૨૦૦૨ ઠરાવ ક્રમાંક:ICD/112002/191/R

//**આમુખ**//

વંચાણે લીધા (૧) પરના પત્રથી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા કમિશ્નરશ્રી (આઇસીડીએસ)ની કચેરી હસ્તકની સિનિયર આસીસ્ટંટ, વર્ગ-૩ સંવર્ગનું નામાભિધાન હેડ ક્લાર્ક, વર્ગ-૩ કરવા બાબતે દરખાસ્ત કરેલ હતી. વંચાણે લીધા (૨) પરના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવથી સિનિયર આસીસ્ટંટ,વર્ગ-૩ની જગ્યા મહિલા અને બાળ વિકાસ વિભાગને તબદિલ થયેલ છે. કમિશ્નરશ્રી (આઇસીડીએસ)ની કચેરી ખાતે હાલમાં હેડ ક્લાર્કની કોઇ જગ્યા મંજુર થયેલ નથી. સિનિયર આસીસ્ટન્ટ વર્ગ-૩ અને હેડ ક્લાર્ક, વર્ગ-૩નું એક સમાન પગારધોરણ ૩૫૪૦૦-૧૧૨૪૦૦, પે-૬(છઠ્ઠા પગારપંચ મુજબ ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૨૦૦) તથા કચેરીમાં કામગીરી, પુરક અને બઢતી જગ્યા એક સમાન હોવાથી, કમિશ્નરશ્રી (આઇસીડીએસ)ની કચેરી હસ્તકની સિનિયર આસીસ્ટંટ,વર્ગ-૩નું નામાભિધાન હેડ ક્લાર્ક,વર્ગ-૩ કરવાની બાબત વિચારાધીન હતી.

**//ઠરાવ//**

પુખ્ત વિચારણાને અંતે કમિશ્નરશ્રી (આઇસીડીએસ)ની કચેરી હસ્તકની સિનિયર આસિસ્ટંટ,વર્ગ-૩ સંવર્ગનું નામાભિધાન "હેડ ક્લાર્ક",વર્ગ-૩ કરવાની મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ઈ-ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૮/૦૪/૨૦૨૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કૃણાલ હિંગુ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
4. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
6. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
7. તિજોરી અધિકારીશ્રી, જિ.ગાંધીનગર.......................
8. સેક્શન અધિકારીશ્રી, ચ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ પર મુકવા સારુ.
10. શાખા સિલેક્ટ ફાઈલ.